ગાંધીનગર સમાચાર

# જિલ્લામાં ઓર્ગેનિક ખેતીના શ્રીગણેશ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સરકારે ઓર્ગેનિક ખેતીના પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવતાં ૩૦ ખેડૂતોએ રસ દાખવી અને ૪૪ હેક્ટરમાં ઓર્ગેનિક ખેતી હાથ ધરી છે.

રાજ્ય સરકારે ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહિત કરવા માટે બજેટમાં જાહેરાત કરી હતી. આ માટે દરેક જિલ્લામાં કલસ્ટર દીઠ ૫૦ હેક્ટરમાં પ્રયોગ હાથ ધરવા જણાવ્યું હતું.

મળતી વિગતો મુજબ જિલ્લા તંત્રએ જિલ્લામાં ગાંધીનગર-દહેગામ તાલુકાનું એક કલસ્ટર અને બીજુ માણસા-કલોલ તાલુકાનું કલસ્ટર બનાવી ખેડૂતોને ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહિત કર્યા હતા.

**૩૦ ખેડૂતો દ્વારા ૪૪ હેક્ટરમાં ઓર્ગેનિક ખેતી તંત્રએ બે-બે તાલુકાના બે કલસ્ટર બનાવ્યા**

આ ચાલુ વર્ષે ૩૦ ખેડૂતોએ ૪૪ હેક્ટરમાં બન્ને કલસ્ટરમાં થઈ ખેતી શરૂ પણ કરી દેવામાં આવી છે. જેમાં ગાંધીનગર-દહેગામ કલસ્ટરમાં ૨૪ હેક્ટર અને માણસા-કલોલ કલસ્ટરમાં ૨૦ હેક્ટરમાં ખેતી કરાઈ છે.

કૃષિક્ષેત્રે રાસાયણિક ખાતરોના વધતા જતા વપરાશને કારણે જમીનની ફળદ્રુપતા પર વિપરીત અસરો થતી જોવા મળતાં સરકારે ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લીધો હતો. જિલ્લામાં આગામી દિવસોમાં ઓર્ગેનિક ખેતી વધશે તેવુ મનાઈ રહ્યું છે.

જિલ્લાની જમીનની ફળદ્રુપતા અંગે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવી રહ્યા છે. જેમાં ખેતીની જમીનના ટેસ્ટ કરી આ કાર્ડ તૈયાર કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લાની જમીન આમ તો કઠોળના ઉત્પાદન માટે શ્રેષ્ઠ ગણાઈ છે. પણ ખેડૂતો રોકડિયા પાક તરફ વળી ગયા છે તેમજ પરંપરાગત ખેતીને બદલે હવે કોન્ટ્રેક્ટ ફાર્મિંગનો અભિગમ પણ અપનાવતા જોવા મળી રહ્યા છે.



વડોદરા એમ.એસ. યુનિવર્સિટી દ્વારા લેવાયેલી ફિઝિયોથેરાપીની વાર્ષિક પરીક્ષામાં ગાંધીનગરની કોષા નાણાવટીએ ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી નગરનું ગૌરવ વધાર્યુ છે. ગુજરાત વિદ્યુત બોર્ડમાં ફરજ બજાવતા દિપલ નાણાંવટીની પુત્રી કોષાને સમાજ તેમજ કોલેજ પરીવારે પણ બિરદાવી છે.

# કોબા ગામે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામજનોને ડસ્ટબીન વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૮

ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતભરમાં અત્યારે હાલ સ્વચ્છ ભારતનું કેમ્પેઈન ચલાવી રહ્યા છે. ગામથી માંડીને શહેરને સ્વચ્છ રાખવા માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવે છે. ત્યારે ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર આવેલા કોબા ગામે આજે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઘરે ઘરે ડસ્ટબીન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોના હસ્તે કોબા ગામ ખાતે પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. અબ્દુલ કલામજીના નામ ઉપર નવનિર્મિત પુસ્તકાલયને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.



ગાંધીનગર નજીક આવેલા કોબા ખાતે ગ્રામપંચાયત દ્વારા ગામને સ્વચ્છ અને સાફ રાખવા માટે ઘરે ઘરે થી કચરો એકઠો કરવા માટે ઘરદીઠ ડસ્ટબીન વિતરણનો કાર્યક્રમ આજે યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર શહેરી વિકાસ સતા મંડળના ચેરમેન આશિષભાઈ દવે, ગાં.દક્ષીણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મામલતદાર ડી.જી.મોદી, તાલુકા વિકાસ અધિકારી વી.એ.સોની, ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ કાળાજી ઠાકોર, આઈ.બી.વાઘેલા, સરપંચ યોગેશ નાયી, ડે.સરપંચ લક્ષમણભાઈ પટેલ તેમજ તલાટી પી.સી.ઠાકર તથા ગ્રામપંચાયતના સભ્યો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે અને શંભુજી ઠાકોરના હસ્તે ગ્રામજનોને ડસ્ટબીન આપવામાં આવ્યાં હતા. ગામમાં નવિન પુસ્તકાલય પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.અબ્દુલ કલામજીના નામ ઉપર નવિન પુસ્તકાલયને મહેમાનોએ ખુલ્લું મુક્યું હતું. લાયબ્રેરીના કારણે ગામના યુવાનોને વાંચન માટે પુસ્તકો સરળતાથી મળી રહેશે. આ પ્રસંગે કોબા ગ્રામપંચાયત તરફથી નવા કોબા પ્રાથમિક શાળાના બાળકો માટે કોમ્પ્યુટરની ખરીદી માટે રુ.૫૯,૧૦૦ નો ચેક ગુડાના ચેરમેનના હસ્તે શાળાના આચાર્યબેન તેમજ જૂના કોબા પ્રાથમિક શાળાના બાળકો માટે કોમ્પ્યુટરની ખરીદી માટે રુ.૫૯,૧૦૦ નો ચેક ધારાસભ્યના હસ્તે આપવામાં આવ્યો હતો. જયારે ગાંધીનગર કેળવણી મંડળ દ્વારા કોબા ગામને બે કોમ્પ્યુટર તથા બાળકોના અભ્યાસ માટે રુ.૩૯,૪૦૦ નો ચેક તાલુકા પંચાયત પ્રમુખ કાળાજી ઠાકોરના હસ્તે કેળવણી મંડળને આપવામાં આવ્યો હતો. કોબા ગામની બે પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ વિનામુલ્યે આપવા માટે જક્ષય શાહ બિલ્ડર કેડાઈ એશોસિએશનના પ્રમુખ તરફથી રુ. ૧,૦૦,૦૦૦ નુ દાન તથા પ્રવિણભાઈ પટેલ તરફથી રુ.૨૫,૦૦૦ નું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા પંચાયતના સભ્યો અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# આવતીકાલે રૂપાલ મંદિરનો ભવ્ય જીર્ણોદ્ધાર કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં આવેલ વરદાયીની માતાના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું નક્કી કરાયું છે. જેમાં માતાજીની પ્રતિમાં યથાવત રાખી અન્ય ભાગ દુર કરીને પાયો ખોદવાની જરુરી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ત્યારે આગામી તા.૨૦ જાન્યુઆરીના રોજ સવારે ૮ કલાકે શીલાન્યાસ વિધિ યોજવામાં આવશે.

રૂપાલ વરદાયીની માતાનું મંદિર શ્રધ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર સ્થાન છે.દર પૂનમે હજ્જારો ભકતો માતાજીના દર્શને આવે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે. પૂનમના દિવસે મેળાનો માહોલ રૂપાલ મંદિર પરિસરમાં યોજાય છે. રાજયભરમાંથી નવરાતમાં નોમના દિવસે યોજાતા પલ્લી મેળામાં પણ લાખો શ્રધ્ધાળુઓ દેશ વિદેશથી દર્શન માટે આવે છે. પલ્લીમાં ભકતો દ્વારા હજ્જારો કિલો ઘી નો અભિષેક કરવામાં આવે છે. તેવા સુપ્રસિધ્ધ વરદાયીની ધામના નવિનીકરણ કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં માતાજીની મૂર્તી અને શીંવલીગને યથાવત રાખીને વરદાયીની મંદિરને પથ્થરના કલાત્મક નકશી કામથી સજાવવામાં આવશે. જેમાં રાજસ્થાનના ગુલાબી બંસી પહાણપુરનો ઉપયોગ થશે. મંદિરના જીર્ણોદ્ધાર માટે અંદાજીત રુ.૧૫ કરોડનો ખર્ચ થશે. વરદાયીની માતા દેવ સ્થાન ટ્રસ્ટના મેનેજર અરવિંદ ત્રિવેદીએ આ અંગે જણાવ્યા મુજબ તા.૨૦ જાન્યુઆરીના રોજ સવારે ૮ કલાકે જીર્ણોદ્ધાર મહોત્સવ યોજાશે. જેમાં પ્રાંત પૂજન વિધિ, શિલા સ્થાપન વિધિ ઉત્તર તંત્ર વિધિ, યજ્ઞ પૂર્ણાહુતિ કુર્મ સહિતની ધાર્મિક વિધિ યોજાશે.



ગુજરાતના પાટનગર ગાંધીનગર થી ૧૨ કિલોમીટરના અંતરે આવેલ અતિપ્રાચિન અને પૌરાણિક વિશ્વ વિખ્યાત વરદાયિની માતાજીના મંદિરના જીર્ણોદ્ધાર મહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવા જયારે અતિથી વિશેષ તરીકે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમભાઈ રૂપાલા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રી નિતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના કાયદો અને દેવ સ્થાન તેમજ યાત્રાધામના મંત્રી પ્રદીપસિંહ જાડેજા, ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, શહેરી ગૃહ નિર્માણના રાજયકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી, પ્રવાસન અને પાણી પુરવઠાના રાજયકક્ષાના મંત્રી જયેશભાઈ રાદડીયા, ભાજપના પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી, પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ઉતરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ તેમજ ભાવિભકતો હાજર રહેશે. આ જીર્ણોદ્ધમાં માઈ ભકતો તથા ઉદાર દાનવીરોએ ઉદાર હાથે યથા શકિત ફાળો આપવા જાહેર જનતાને નમ્ર અપીલ મંદિર પરિવાર તરફથી કરવામાં આવે છે.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા ભાજપના બીજી ટર્મ માટે નિયુક્ત થયેલા પ્રમુખ શ્રી નૈલેશ શાહે આજે સત્યનારાયણ ભગવાનની કથા કમલમ્ ખાતે કરી અને ચાર્જ સંભાળ્યો છે.

● ૨૦મીએ ગાંધીનગર ખાતે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. કાર્યકર્તાઓ દ્વારા સ્વાભિમાન ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં ૨૦મીથી શરૂ થઈ રહેલ ગ્રામસભા અભિયાનની તૈયારીમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.

● ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે ધો. ૧૦ અને એચ.એસ.સી.ની પરીક્ષાનું ટાઈમટેબલ આજે પ્રસિદ્ધ કર્યું છે.

● વિધાનસભા ભવન ખાતે મળનારી અધ્યક્ષોની પરિષદને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વિધાનસભામાં પ્રવેશદ્વાર પાસે કમાનો પણ બનાવવામાં આવી રહી છે.

● ગુજરાત બાળ આયોગના અધ્યક્ષ તરીકે જાગૃતિબેન હરેનભાઈ પંડ્યાએ આજે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

# ધુમ્મસભર્યા વાતાવરણમાં તાપમાન વધ્યુ

## લઘુત્તમ તાપમાન ૧૪.૭ ડિ.સે. જેટલુ પહોંચતા ગરમ વસ્ત્રોને વસાહતીઓએ જાકારો આપ્યો

ગાંધીનગર, તા. ૧૮

ઉત્તરાયણ પર્વે અનુભવાયેલો ઠંડીનો ચમકારો એકાદ-બે દિવસમાં જ જાણે ગાયબ થઈ ગયો છે. ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે આજે લઘુત્તમ તાપમાન ૧૪.૭ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાયું હતું.

આ વર્ષે શિયાળાની ઋતુ જાણે થોડાક અઠવાડિયાને બાદ કરતા અનુભવાઈ જ નથી. જાન્યુઆરીની શરૂઆતમાં ઉંચુ ગયેલું તાપમાન માત્ર ઉત્તરાયણની આસપાસ થોડુક ઘટ્યુ હતુ અને લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રીએ પહોંચતા ઠંડીનો અનુભવ થયો હતો. જોકે એકાદ-બે દિવસ બાદ જ વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો હતો. આજે સવારે શહેરમાં ધુમ્મસભર્યુ વાતાવરણ છવાઈ ગયું હતું. જેના કારણે સવારે ભેજનું પ્રમાણ ૭૭ ટકા જેટલુ નોંધાયુ હતું. જો કે ભેજ વધતા જ લઘુત્તમ તાપમાન ઉંચકાયું હતું. જેના કારણે ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ હતી. ગરમ વસ્ત્રો પહેરો તો ગરમી લાગતી હતી. પવનની ગતિ પણ એકદમ ઓછી થઈ જતાં ગરમ વસ્ત્રો ત્યજવાની ફરજ પડી હતી. ઉનાળો શરૂ થઈ ગયો હોય તેવું વાતાવરણ છવાયુ હતુ. દિવસે તો પંખા ચલાવવા પડે તેવી ગરમી લાગતી હતી.



ગાંધીનગરના કેટલાક યુવાનોએ તાજેતરમાં સે-૧૬ ખાતે 'આરંભ વોલીબોલ નાઈટ ટુર્નામેન્ટ'નું આયોજન કર્યું હતું. નગરના હાર્દસમા ઘ-૪ સર્કલ નજીક યોજાયેલ આ ટુર્નામેન્ટમાં ગાંધીનગર ઉપરાંત અન્ય શહેરો ગામોની ટીમોને પણ રમવા આમંત્રિત કરાઈ હતી. આ ટુર્નામેન્ટમાં અમદાવાદની ટીમ વિજેતા બની હતી. જયારે ગાંધીનગરના સે-૭ની ટીમ રનર્સ અપ બની હતી.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## જાહેર નિવિદા

**આંગણવાડી કાર્યકર /તેડાગરની ભરતી બાબત**

સંકલિત બાળ વિકાસ યોજના ગાંધીનગર ઘટક-૧માં નીચે જણાવેલ ગામોના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાગરની ખાલી પડેલ જગ્યા માટે બહેનોની ભરતી કરવાની થાય છે.

**કાર્યકરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૧**

(૧) ઉવારસદા - ૭ (ખોડીયાર નગર)
(૨) ભોયણ રાઠોડ - ૩ જામનગર પરા
(૩) સરગાસણ - ૧ કોમ્યુનિટી ન્યુ હોલની સામે
(૪) કોલવડા - ૯ (દરબાર ભાગોળ)

**તેડાગરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૧**

(૧) ઉવારસદ-૭ (ખોડીયારનગર)
(૨) સેક્ટર-૧૪ (ગોકુલપરા પ્રા.શાળાની બાજુમાં), વોર્ડ નં.૬
(૩) બોરીજ-૨ (પ્રા.શાળાના કમ્પાઉન્ડમાં), વૉર્ડ નં.૮
(૪) સેક્ટર-૨૮ (ચરેડી છાપરા), વૉર્ડ નં.૨
(૫) સેક્ટર-૬ની ઝુંપડપટ્ટી વિસ્તાર, વૉર્ડ નં.-૯
(૬) આદરજ મોટી - ૫ (નાયી વાસ)

આગામી સંભવિત તા. ૩૧/૧૦/૨૦૧૫થી તા. ૩૧/૧૦/૨૦૧૬ (૧ વર્ષ)માં ખાલી પડનાર કાર્યકર અને તેડાગરની જગ્યાઓ ગાંધીનગર ઘટક-૧માં

**આંગણવાડી કાર્યકર** - (૧) ખોરડ-૪, જુનાગામમાં (૨) રાંધેજા-૯ ઠાકોર વાસ (૩) પેથાપુર -૩ પ્રા.શાળા (૪) ધોળાકુવા-૪

**આંગણવાડી તેડાગર** :- ગાંધીનગર ઘટક-૧

(૧) ઉવારસદ-૪ મહાદેવ ખાંટ વાસ (૨) દંતાલી-૧ (ચબુતરાવાળો વાસ) (૩) અડાલજ-૭ શીવપુરી હુડકો વિસ્તાર

**શૈક્ષણિક લાયકાત અને શરતો :-**

(૧) આંગણવાડી કાર્યકરો માટે ઓછામાં ઓછું ધોરણ-૧૦ અને આંગણવાડી તેડાગર માટે ધોરણ-૭ પાસ શૈક્ષણિક લાયકાત આધાર રૂપે તમામ લાયકાતની માર્કશીટની પ્રમાણિત નકલ ફરજીયાત બિડવાની રહેશે.
(૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ (જાહેરાતની તારીખે)
(૩) મહિલા ઉમેદવાર પરણીત અને ગામના સ્થાનિક હોવા જોઈએ (રેશનકાર્ડની નકલ, ચૂંટણીકાર્ડની નકલ અને તલાટી કમ મંત્રીશ્રીનો દાખલો રજૂ કરવો)
(૪) જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટની પ્રમાણિત નગર અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૫) લગ્ન નોંધણીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૬) આંગણવાડી કેન્દ્રો જે ગામ કે શહેરના ફળીયા, પરા, વૉર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા સ્થાનિક ઉમેદવારે જ અરજી કરવાની રહેશે. સ્થાનિક સિવાયની અરજી દફતરે કરવામાં આવશે.
(૭) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખતના નિયમ અનુસાર માસિક માનદ વેતન મળવાપાત્ર રહેશે.
(૮) અરજદારે ઉમેદવારી કચેરીના નોટીસ બોર્ડ ઉપર લગાવેલ નમુનાના ફોર્મમાં અરજી કરવાની રહેશે.
(૯) અધુરી વિગત સાથે આવેલ અને સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.
(૧૦) અરજીમાં જાહેરાતમાં જણાવ્યા મુજબની પ્રમાણપત્રની પ્રમાણિત કરેલ નકલો બિડવાની રહેશે. ત્યારબાદ પાછળથી કોઈપણ સર્ટી. / પ્રમાણપત્ર અરજીમાં લેવામાં આવશે નહીં.
(૧૧) પસંદગી અંગેના અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે. પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે તે અંગે કોઈ વાંધો કે તકરાર કરી શકાશે નહીં.

જાહેરાતની તારીખ અગાઉ કરેલ અરજીઓ રદ ગણાશે. જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૨૦માં સાધનિક કાગળો સાથે અરજી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે.

**નોંધ** : સાદી ટપાલ, કુરીયર, સ્પીડ પોસ્ટથી કે રૂબરૂમાં આપેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

**સહી/-**
**બાળ વિકાસ યોજના અધિકારી**
**આઈ.સી.ડી.એસ. શાખા, ઘટક-૧**
**એમ.એસ. બિલ્ડીંગ, ત્રીજો માળ,**
**બી-બ્લોક, સેક્ટર-૧૧**
**ગાંધીનગર**

**સહી/-**
**પ્રાંત અધિકારી**
**ગાંધીનગર**

**માહિતી/૨૩૩૦/૨૦૧૫-૧૬**

# એસ.જી. હાઈવે પર દિન-પ્રતિદિન વધતી જતી ટ્રાફિકની સમસ્યા

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યભરમાં માર્ગ-સલામતી સપ્તાહ ઉજવી રહ્યા છીએ ત્યારે એસ.જી. હાઈવે ઉપર આવેલી ઉવારસદ ચોકડી પાસે છેલ્લા એક-બે મહિનાથી પીક-અવર્સમાં ટ્રાફીકની ગંભીર સમસ્યા જોવા મળે છે. તેનું મુળ કારણ મોટા કન્ટેનર અને ભારે વાહનો છે. જે બ્રીજ ઉપરથી 'યુ' ટર્ન લગાવીને સીધા કલોલ-મહેસાણા જઈ શકાય છે. તેમ છતાં ટોલટેક્ષ બચાવવાના ચક્કરમાં ઉવારસદ ચોકડી ઉપર થઈને સાઈડ-રોડ દ્વારા કલોલ-મહેસાણા જાય છે. તથા સરખેજથી આવતા વાહનો માટે બ્રીજ ઉપરથી સીધા 'યુ' ટર્ન લઈને અમદાવાદ-હાઈવે પકડાતો હોવા છતાં, બધા ભારે વાહનો ઉવારસદ ચોકડી ઉપરથી 'યુ' ટર્ન લેતા હોવાથી ૨ થી ૩ મિનિટ માટે ઉવારસદ ચોકડી પાસે ટ્રાફીક જામ થઈ જાય છે.



સાથે-સાથે દિન-પ્રતિદિન વાહનોના વેચાણમાં થતો વધારો તથા સ્કૂલ બસો પણ ટ્રાફીકમાં વધારો કરે છે. કેમકે, શહેરમાં લગભગ ૮ થી ૧૦ સેલ્ફ ફાયનાન્સ સાયન્સ સ્કૂલો આવેલી છે અને દરેકની પોતાની પ્રાઈવેટ ૨૦ થી ૨૨ સ્કૂલ બસો, શહેરના માર્ગો તથા હાઈવે ઉપર ટ્રાફિકમાં વધારો કરે છે. વળી, સ્કૂલબસોનું સ્ટેન્ડ નક્કી ન હોવાથી ગમે તે જગ્યાએ હાઈવે ઉપર વિદ્યાર્થીને પીક-અપ અને ડ્રોપ કરવા માટે સ્કૂલ બસો ઉભી રાખતા હોવાથી ટ્રાફીકની ગંભીર સમસ્યા ઉભી થાય છે. ઉવારસદ ચોકડી ઉપર એક કલાક સર્વે કરતા ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સાથોસાથ લગભગ ૩૦ જેટલા રેતીના ડમ્પર અને ૭ થી ૮ મોટા કન્ટેનર પસાર થાય છે.

જિલ્લા ટ્રાફિક ઈન્ચાર્જ શ્રી ડી.ડી. ઝાલાના જણાવ્યા અનુસાર વાહનચાલકોની બિન જરૂરી ઘરે તથા ઓફીસ જવાની ઉતાવળ તથા વાહનોની સંખ્યામાં થતો વધારો, ટ્રાફીકની સમસ્યા માટે જવાબદાર છે. તેઓશ્રીએ ઉવારસદ ચોકડી પાસે સત્વરે હેલોજન લાઈટ્સ, ઝીબ્રા ક્રોસીંગ, સારા બમ્પ તથા ટ્રાફિક સિગ્નલ સત્વરે લગાવવા માટે તંત્રને સુચના આપેલ છે.

આપણે આશા રાખીએ કે તંત્ર દ્વારા સત્વરે ઉપરોક્ત કામો હાથ ધરી ટ્રાફીકની સમસ્યાનું નિવારણ થાય કેમ કે વાહનચાલકોના મતે ઉવારસદ ચોકડી ઉપર ઓવરબ્રીજ કે અંડરબ્રીજ બનાવવામાં આવે તો જ ટ્રાફીકની સમસ્યાનો ઉકેલ આવશે. ઉવારસદ ચોકડી પાસે વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને રાહદારીઓ માટે રસ્તો ક્રોસ કરવો દિવસે પણ ખૂબજ મુશ્કેલ છે. તો રાત્રે તો તેઓ ભગવાન ભરોસે જ રસ્તો ક્રોસ કરતા હશે.



ભારતીય જનતા પાર્ટી દ્વારા શ્રી નૈલેષભાઈ શાહને ગત ટર્મમાં સૌને સાથે લઈ ચાલવાની નીતિ સાથે પાર્ટી માટે બજાવેલી સરાહનીય કામગીરીને લઈને પુનઃ જિલ્લા પ્રમુખ તરીકે નિયુક્તિ કરેલ તે અનુસંધાનમાં આજરોજ તા. ૧૮-૧-૨૦૧૬ને સોમવારે શ્રી કમલમ ભાજપ કાર્યાલય સે. ૨૧ ખાતે ભગાવનશ્રી સત્યનારાયણની કથા કરી ચાર્જ સંભાળેલ છે. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી. પટેલ, ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, જળસંચય વિભાગના ચેમરેનશ્રી ગણેશભાઈ ચૌધરી, ડી.ડી. પટેલ, મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ ઝાલા, હિતેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા મંડળના પ્રમુખ, કલોલ નગરપાલિકાના પ્રમુખ તેમજ બધા જ મંડળોના હોદ્દેદારો, જિલ્લાના હોદ્દેદારો અને યુવા મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કુખ્યાત માથાભારે હિતેશ ઉર્ફે ચક્કા બારોટ ઝડપાયો

અમદાવાદ,તા. ૧૮

વર્ષ ૨૦૧૨માં નડિયાદ રુરલ પોલીસસ્ટેશન વિસ્તારમાં પુજારીના ખૂન અને ડિટેક્ટ ગુનામાં તથા મણિનગર એલજી હોસ્પિટલમાં ખૂન કેસમાં ઉપરાંત નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખૂનના પ્રયાસમાં સામેલ કુખ્યાત માથાભારે હિતેશ ઉર્ફે ચકા બારોટ બે પિસ્તોલ અને આઠ કારતૂસ સાથે ઝડપાઈ જતાં મોટી સફળતા હાથ લાગી છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે મોટી સફળતા મેળવી છે. છેલ્લા ત્રણ વર્ષથી તે નાસતો ફરી રહ્યો હતો.

## આઉટ સોર્સીંગથી સેવા મેળવવા અંગેની ઈ-ટેન્ડર નોટીસ

**ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન**
**(ગુજરાત સરકારની સંસ્થા)**
**ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬**
**ફોન : ૨૩૨૩૪૪૯, ફેક્સ : ૨૩૨૨૧૫૯૮, Email:info@rtigujarat.org**

સંસ્થાની વર્ષ : ૨૦૧૬-૧૮ દરમિયાન નીચે મુજબની કામગીરી આઉટ સોર્સીંગથી કરાવવા માટે આ પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતી પ્રોપરાઈટરશીપ / કંપની / ભાગીદારી પેઢી / ટ્રસ્ટ / સોસાયટીઓ પાસેથી થ્રી બીડ પદ્ધતિ દ્વારા તા. ૯/૨/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| Tender ID | કામગીરી | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. |
|---|---|---|
| RD001 | સંશોધન અને વિકાસની તેમજ તેની આનુસંગિક કામગીરી માટે ટેકનોક્રેટ્સની સેવા પુરી પાડવા બાબત. | રૂ. ૧૦૦૦/-<br>રૂ. ૧,૩૫,૦૦૦/- |
| TR001 | કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમો માટે કુશળ તથા બિનકુશળ કારીગર/લેધર વર્કશોપ મદદનીશ/માસ્ટર ટ્રેઈનર્સ/ નિષ્ણાંત કારીગરોની સેવાઓ પુરી પાડવા બાબત. | રૂ. ૧૦૦૦/-<br>રૂ. ૯૦,૦૦૦/- |
| DR001 | પ્રદર્શન નિદર્શન વાન તથા માલવાહક વાહનો હંકારવા ડ્રાયવરો તથા ડેટા એન્ટ્રી ઓપરેટર અને કેર ટેકરની સેવા પુરી પાડવા બાબત. | રૂ. ૧૦૦૦/-<br>રૂ. ૬૦,૦૦૦/- |

ટેન્ડર આનુસંગિક વિસ્તૃત જાણકારી / કામગીરી માટેની વિગતો www.nprocure.com ઉપરથી ઉપલબ્ધ થશે.

**માહિતી/૨૩૪૦/૨૦૧૫-૧૬** **નિયામક**